ગાંધીનગર સમાચાર
તા. ૨૯-૯-૨૦૧૪, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### સૌમ્ય ભાષામાં સણસણતો જવાબ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકા પહોંચીને અત્યંત ડિપ્લોમેટિક બની ગયા છે. એક એક શબ્દ તોલી તોલીને બોલતા મોદી સમજે છે કે અમેરિકાના મંચ પરથી બોલાયેલાં વિધાનો આવનારાં વર્ષો સુધી પડઘાયા કરવાનાં છે. વિશેષ તો પાકિસ્તાન સંદર્ભે તેઓ એકદમ સાવધાનીપૂર્વક બોલી રહ્યા છે. યુનોમાં પાક વડાપ્રધાન નવાઝ શરીફે એ જ જૂનો કાશ્મીર રાગ આલાપવાનો વ્યૂહ અપનાવ્યો છે. પાકિસ્તાનની કાશ્મીર નીતિમાં કોઇ કાળે ફેરફાર થવાની સંભાવના નથી, તે મોદી સુપેરે સમજે છે. એમણે પાડોશીધર્મ બજાવી નવાઝ શરીફને એમના શપથ સમારોહમાં નિમંત્ર્યા હતા, પરંતુ એમની આ શુભેચ્છા ફક્ત પ્રચારનો પરપોટો બની ફૂટી ગઇ હતી. બેઉએ એકમેકની માતા માટે મોકલાવેલ સાડી-શાલનો વહેવાર બે દેશો વચ્ચેની વર્ષો જૂની કડવાશ મટાડવામાં ઉપયોગી સાબિત નહોતો થયો. ઊલટાની ઘૂસણખોરી વધી હતી. આતંકવાદીઓના આકા ગણાતા મુંબઇ હુમલાના મુખ્ય સૂત્રધારને પાક રાજદૂતે ક્લીનચીટ આપી દઇ ભારતીય વલણને ખોટું ઠરાવ્યું એટલું જ નહીં, અલગતાવાદી હિઝબુલ અગ્રણીઓ સાથે પાક રાજદૂતે સચિવ સ્તરની મંત્રણા પૂર્વે જ મૂલાકતે યોજી દઇ પોત પ્રકાશી દીધું હતું. તેથી નરેન્દ્ર મોદી દેશની પ્રજા સમક્ષ ખસિયાણા પડી ગયા હતા અને કોંગ્રેસ સહિત તમામ વિરોધીઓને નવી સરકાર સામે મસાલો મળી ગયો હતો. આથી છંછેડાયેલા મોદીએ અમેરિકા પ્રવાસ દરમિયાન ભારતીય ઉપખંડના બાકીના નાના દેશો - શ્રીલંકા, બાંગ્લાદેશ વગેરેના નેતાઓ સાથે મળવાનું સ્વીકાર્યું હતું પરંતુ નવાઝ શરીફ સાથે મુલાકાત કે વાતચીતનો ઇનકાર કરી દીધો હતો. યુનોના મંચ પર નવાજ શરીફે કાશ્મીરનો મુદ્દો ઉઠાવતાં મોદીએ એમને સૌમ્ય ભાષામાં સણસણતો જવાબ પાઠવી દીધો છે. એમણે સ્પષ્ટ કર્યું છે કે કાશ્મીરનો મુદ્દો જયાં ને ત્યાં ઉપસ્થિત કરવાથી એનો ઉકેલ આવવાનો નથી. યુનો પણ એની ચર્ચા માટેનો ઉચિત મંચ નથી. પોતે દ્વિપક્ષીય વાટાઘાટો માટે તૈયાર હોવાનું જણાવી મોદીએ ઉમેર્યું હતું કે આવી મંત્રણાઓ આતંકવાદના ઓથાર હેઠળ ન જ યોજાઇ શકે. દિલ્હી ખાતે પણ નવાઝ શરીફને એમણે આ જ વાત કરી હતી કે બોમ્બ ધડાકાના ધોંધાટ વચ્ચે વાર્તાલાપ ચાલી શકે નહીં. એ માટે પાકિસ્તાને પહેલાં પોતાના આંગણે પોષાઇ રહેલ આતંકવાદને નિયંત્રિત કરવો જ રહ્યો. આતંકવાદના કોઇ પ્રકારો ન હોઇ શકે : 'સારો' આતંકવાદ અને 'ખરાબ' આતંકવાદ જેવાં જુદાં જુદાં કાટલાંથી આ વિનાશકારી તત્ત્વોને તોલવામાં આવે તો યોગ્ય નથી. મોદીએ સમગ્ર વિશ્વને આતંકવાદ વિરૂદ્ધ એક સાથે આવવાની હાકલ કરી છે અને નાનાં મોટાં રાષ્ટ્રો વચ્ચે ભેદ કરતાં જી-ગ્રૂપો મિટાવી 'જી-ઓલ' જેવી આદર્શ સ્થિતિનું નિર્માણ કરવાનું સૂચન કર્યું છે. કોંગ્રેસને એમના આ ભાષણની પ્રશંસા કરવી પડી છે તે સૂચક છે. મોદી એમની વાણીને વળ આપવામાં માહેર છે. એટલે ભારતમાં લોકસભાની ચૂંટણી જીવા જે ભાષાનો પ્રયોગ કરતાં હતા એથી તદ્દન વિપરીત - સૌમ્ય છતાં સાર્થક અને સૌને ગમે એવી ભાષામાં એમણે ભારતનો પક્ષ રજૂ કર્યો છે. પાકિસ્તાન સરકારની વિદેશનીતિના ઘડવૈયા - રાષ્ટ્રીય સલાહકાર અઝીઝને પણ મોદી પાક સાથે મંત્રણાની તૈયારી દર્શાવી છે એ બાબતને આવકારવાની ફરજ પડી છે. પોતાની વાત કરતાં યુવાનોમાં અત્યંત લોકપ્રિય 'વિકાસપુરૂષ' મોદીને મળવા અને સાંભળવાની ભારે ઘેલછા અમેરિકાપર્યંત વિસ્તરી છે. મોદીમય થઇ ગયેલ અમેરિકામાં મોદી સાથે હવે ઓબામા તંત્ર કેવી રીતે વર્તે છે, તે જોવું રસપ્રદ બની રહેશે. બે મહાન લોકતંત્રો એકમેક સાથે નિખાલસ મૈત્રી કરાર કરશે તો તે સમસ્ત માનવજાત માટે આશીર્વાદ રૂપ બાબત બની રહેશે, એમાં શંકાને સ્થાન નથી.



આસોની અજવાળી રાતમાં જગ જનની જગદંબાની આરાધના કરવામાં આવી રહી છે. યુવાનો અને યુવતિ સોળે શણગાર સજીને ગરબે ઝુમી આરાધના કરે છે ત્યારે સેકટર-૬માં આવેલ સરસ્વતી વિદ્યાલયમાં માતાજીના ગરબા યોજવામાં આવ્યા હતા. બાળ મંદિરના ભૂલકાથી લઈને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓ ગરબા રમ્યા હતા.

# શેરથા ટોલટેક્ષના ૧૭ જેટલા માણસોએ એલસીબી જવાન સાથે ઝપાઝપી કરી

## ૧૭ વ્યક્તિઓ સામે ગાળાગાળી કરીને માર માર્યા ઉપરાંત ફરજ પર રૂકાવટ કર્યા અંગે ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર એલસીબીના પોલીસ કોન્સ્ટેબલ અશ્વિનસિંહ તથા વિરલભાઈ જયસ્વાલને ગઈકાલે એક બાતમી મળી હતી જેને આધારે કલોલની અડાલજ તરફ ખાનગી ગાડીમાં નીકળ્યા હતા. વચ્ચે આવતા શેરથા ટોલટેક્ષ પર આઈ-કાર્ડ બતાવ્યા હોવા છતાં કેબીનમાં બેઠેલા સૌરભે ત્યાંથી નિકળવા દીધા ન હતા. ગાળાગાળી કરીને ૧૭ જણાના ટોળાને બોલાવી લઈ કોન્સ્ટેબલ સાથે ઝપાઝપી કરીને માર માર્યો હતો. ૧૭ સામે મારામારી અને ફરજ પર રૂકાવટ ઉભી કરવા બદલ ગુનો નોંધી અડાલજ પોલીસે તપાસ શરૂ કરી છે.



રાજયપાલની શુભેચ્છા મુલાકાત લીધી

જિલ્લા બાળ સંરક્ષણ મંડળ અમદાવાદ દ્વારા સંસ્થાના બાળકોને મહામહીમ રાજયપાલ ઓ.પી. કોહલીની શુભેચ્છા મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. રાજયપાલે બાળકોને મુલાકાત દરમિયાન આશીર્વચન પાઠવ્યા હતા અને ભવિષ્ય માટે શુભકામના પાઠવી હતી. બાળકોને કપડાં, ડેન્ટલ કીટ અને ડીકશનરીનું વિતરણ કર્યું હતું.

### ભાટ ઈ.ડી.આઈ.માંથી દોઢ લાખના લેપટોપની ચોરી

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર નજીક આવેલા ભાટ ગામમાં સ્થિત ઈન્સ્ટીટ્યુટ ઈ.ડી.આઈ.ના ગાર્ડનમાંથી દોઢ લાખની કિંમતનું લેપટોપ ચોરાઈ જતાં ચકચાર મચી જવા પામ્યો છે. અમદાવાદ શાહીબાગ ખાતે અપુર્વ બંગ્લોઝમાં રહેતી વૈદેહી તેજસભાઈ શાહ ઈડીઆઈના ગાર્ડનમાં ગઈકાલે લેપટોપ મુકીને અભ્યાસ કરતી હતી. તે દરમ્યાન કોઈ શખ્સે રૂ. ૧.૫૦ લાખની કિંમતનું લેપટોપ ચોરી કરી લીધુ હતુ. અડાલજ પોલીસે લેપટોપ ચોરી અંગે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

## મહેસાણામાં ગંગાસતીના ભજનોનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૮

અસાઈત સાહિત્યસભા અને સિનિયર સિટીજન કાઉન્સીલ દ્વારા મહેસાણામાં ગંગાસતીના ભજનોનો રસપ્રદ કાર્યક્રમ યોજાયો હતો.

ડૉ. નિરંજન રાજ્યગુરૂના કંઠે ગંગાસતીના ભજનોની રસપ્રદ રજુઆત અને ગંગાસતીના ઈતિહાસ વિશે સંગોષ્ઠી લાક્ષણિક રીતે રજુઆત પામી. અસાઈત સાહિત્યસભાના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. વિનાયક રાવલે સમગ્ર કાર્યક્રમની ભૂમિકા બાંધી હતી. પ્રિ. ઘનશ્યામ ગઢવીએ મહેમાનનું સ્વાગત કર્યુ તથા વિમલ વૈદ્યે કાર્યક્રમનું સુચારૂ સંચાલન કર્યુ. સિનિયર સિટીજન કાઉન્સિલ તરફથી સ્વાગત પ્રવચન સોમભાઈ બી. પટેલે કર્યુ. શરદભાઈ શાહ અને કાઉન્સીલના સૌ હોદ્દેદારોએ આ કાર્યક્રમને સફળ બનાવવા સક્રિય કામગીરી બજાવી. આભારવિધિ અસાઈત સાહિત્યસભાના ઉપપ્રમુખ પ્રિ. ઘનશ્યામ ગઢવીએ કરી. સમગ્ર કાર્યક્રમ ખૂબજ રસપ્રદ રહેવા પામ્યો




મંગળ પર યાન પહોંચાડનાર ભારત પ્રથમ એશિયાઈ દેશ બન્યો અને દુનિયાનો ચોથો દેશ બનવામાં સફળ રહ્યો છે પ્રથમ પ્રયત્ને સફળ થનારમાં ભારતને બહુમાન પ્રાપ્ત થયું છે. મંગળ ગ્રહ પર ભારતે અવકાશયાન મોકલીને દુનિયાને આશ્ચર્યમાં મુકી દીધી છે ત્યારે ગોઝારિયા આદર્શ પ્રાથમિક કન્યાશાળાની ધો-૫ની નાનકડી બાળાઓએ તેમના આનંદને આ રીતે વ્યક્ત કર્યો હતો.

### સિસિકા મહિલા પાંખ ફરતા ગરબા યોજશે

ગાંધીનગર, તા. ૨૮

માતાજીની આરાધનાનું પર્વ ચાલી રહ્યું છે ત્યારે સિસિકાની મહિલા પાંખ દ્વારા બહેનો માટે ફરતા ગરબા યોજવામાં આવશે. તા. ૧લી સપ્ટેમ્બર બુધવાર બપોરે ૩.૦૦ વાગે મહારાષ્ટ્ર ભવન સેકટર-૨૧ ખાતે યોજાશે. મોટી સંખ્યામાં બહેનોને ઉપસ્થિત રહેવા મીનાબેને જણાવ્યું છે.

### સ્પેશ્યલ બાળકોની સાથે રાસ-ગરબા યોજ્યા

પૃથા ફાઉન્ડેશન દ્વારા સમર્પણ મુક બધિર શિશુ વિદ્યામંદિરમાં માઁ અંબિકાની આરાધના કરવા ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગરબામાં શાળાના બાળકો સ્ટાફ અને ફાઉન્ડેશનના સભ્યો જોડાયા હતા. શ્રેષ્ઠ ખેલૈયાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

### સિસિકા માસિક બેઠક અને નાટક યોજાશે

સિનિયર સિટીજન માસિક સભા તા. ૩૦મીને મંગળવારે સાંજે ૫.૦૦ વાગે સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજવાડી સેક્ટર-૭ ખાતે યોજાશે. બેઠક બાદ 'હસી ખુશી કી શામ' નાટક યોજાશે. બન્ને કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સભ્યોને ઉપસ્થિત રહેવા મંત્રી મહેન્દ્રભાઈ શાહે જણાવ્યું છે.



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં AIADMK પાર્ટીએ કેટલી બેઠકો જીતી હતી ?
→ ૩૭
૨. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં AINR કોંગ્રેસએ કેટલી બેઠક જીતી હતી ?
→ ૧ (એક બેઠક)
૩. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસે કેટલી બેઠકો જીતી હતી ?
→ ૩૪
૪. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં ઓલ ઈન્ડિયા યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટએ કેટલી બેઠકો જીતી હતી ?
→ ૩
૫. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં બીજુ જનતા દળે કેટલી બેઠકો જીતી હતી ?
→ ૨૦
૬. ૨૦૧૪ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સપથગ્રહણ સમારોહમાં કયાં આંતરરાષ્ટ્રીય સંગઠનના વડાઓએ હાજરી આપી હતી ?
→ શાર્ક સંગઠન
૭. ૨૦૧૪ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સપથગ્રહણ સમારોહમાં પાકિસ્તાનના કયા વડાપ્રધાન ઉપસ્થિત રહ્યા હતા ?
→ નવાજ શરીફ
૮. ૨૦૧૪ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સપથગ્રહણ સમારોહમાં નેપાળના કયા વડાપ્રધાન ઉપસ્થિત રહ્યા હતા ?
→ સુશીલ કુમાર કોઇરાલા
૯. ૨૦૧૪ સામાન્ય બજેટમાં દેશના ધાર્મિક સ્થળના પ્રવાસને વધારવા માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?
→ રૂપિયા ૧૦૦ કરોડ
૧૦. ૨૦૧૪ સામાન્ય બજેટમાં પાંચ ટયુરિસ્ટ સર્કિટ માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?
→ રૂપિયા ૫૦૦ કરોડ
૧૧. આગામી વર્ષ ૨૦૧૬ના ઓલમ્પિક ખેલની મેજબાની કયો દેશ કરશે ?
→ રીયો-ડી-જાનેરો, બ્રાઝિલ
૧૨. ૨૦૧૩માં આંતરરાષ્ટ્રીય ઓલમ્પિક સમિતિના અધ્યક્ષ પદે કોને નિયુક્ત કર્યા ?
→ થોમસ બાક
૧૩. ૨૦૧૩માં આંતરરાષ્ટ્રીય ઓલમ્પિક સમિતિના અધ્યક્ષ બનનાર થોમસ બાક કયાંના રહેવાસી છે ?
→ જર્મની
૧૪. ૨૦૧૩માં થોમસ બાક ઓલમ્પિક સમિતિના કેટલામાં અધ્યક્ષ બન્યા ?
→ ૯માં
૧૫. ૨૦૧૪ સામાન્ય બજેટમાં નેશનલ પોલીસ મેમોરિયલ માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?
→ રૂપિયા ૫૦ કરોડ
૧૬. ૨૦૧૪ સામાન્ય બજેટમાં ભારતની નદીઓને જોડવા માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?
→ રૂપિયા ૧૦૦ કરોડ
૧૭. ૨૦૧૪ સામાન્ય બજેટમાં વન રેંક વન પેન્શન માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?
→ રૂપિયા ૧૦૦૦ કરોડ
૧૮. ૨૦૧૩નો દક્ષિણ એશિયાઇ પ્રવાસી ભારતીય સમુદાયના ઉત્કૃષ્ટ પુરસ્કાર મુરલી કેવલરામ ચનરાઇને કોના દ્વારા આપવામાં આવ્યો હતો ?
→ સિંગાપુરના રાષ્ટ્રપતિ ટોની ટૈન કૈંગ યામ
૧૯. ૨૦૧૩નો અમેરિકા નેશનલ બુક પ્રાઈસના વિજેતા કોણ છે ?
→ જેમ્સ મૈકબ્રાઇડ
૨૦. કયા પુસ્તક બદલ જેમ્સ મૈકબ્રાઈક અમેરિકી નેસનલ બુક પ્રાઈઝ-૨૦૧૩ના વિજેતા બન્યા હતા ?
→ 'ઘ ગુલ બોર્ડ બર્ડ'

# સંતાનોના વિકાસની બાબત હોય, એક પરિવારના સંદર્ભની બાબત હોય, એક સ્ત્રી, એક માતા એ મધ્યબિંદુમાં જોવા મળે છે, એક સ્ત્રી અને તેની સંવેદના એક કુટુંબને ટકાવી રાખવામાં ખૂબ મોટો ભાગ ભજવે છે

## મહિલા સમાજ અને કાયદો

ડૉ. ભાવના કે. જોશીપુરા

ગત્ અંકમાં મહિલા સશકિતકરણ સંદર્ભમાં માહિતી મેળવી રહયા હતા. મહિલા સશકિતકરણનના આયામો સમજવા માટે તેની પૂર્વ ભૂમિકા અંગે પણ આપણે માહિતી મેળવી ઘણા બધા બહેનોએ સ્ત્રી સશકિતકરણ સંદર્ભે આનંદની લાગણી વ્યકત કરી છે અનેક બહેનોએ મોબાઈલના માધ્યમથી આ બાબત અંગે વિગતવાર માહિતી મેળવવા લાગણી વ્યકત કરી છે. પ્રથમ તો તમામ વાંચકોને એ બદલ અભિનંદન પાઠવુ છું.

વિવિધ વિચારધારાઓ છે તે ફરીથી જણાવુ તો,

(૧) કલ્યાણની વિચારધારા (વેલ્ફેર એપ્રોચ)
(૨) સમતાનો ખ્યાલ (ઈકવીટી એપ્રોચ)
(૩) ગરીબી ઉન્મુલનનો ખ્યાલ (ધી એન્ટીપોવર્ટી એપ્રોચ)
(૪)કાર્યક્ષમતાનો ખ્યાલ (એફસીયન્સી એપ્રોચ)
(૫) સશકિતકરણનો ખ્યાલ (ધી એમ્પાવરમેન્ટ એપ્રોચ)

મહિલાઓના દરજજાના સંદર્ભની અંદર કેટલાક અલગ અલગ આયામોનું નીરૂપણ સમાજશાસ્ત્રીઓ કરી રહયા છે અને તે સંદર્ભની અંદર અલગ અલગ વૈચારીક પ્રવાહો પણ જોવા મળે છે. એક તરફ સ્વૈચ્છીક સંગઠનાઓ દ્વારા જાગૃતિ વિષયક જનઆંદોલનના સ્વરૂપની પ્રવૃતિઓ અને બીજી તરફ સરકાર પ્રેરીત વિવિધ ધારાકીય પગલાઓ અને તેના આધાર ઉપર મહિલાઓના દરજજાને વધુ સુદ્રઢ અને શ્રેષ્ઠ બનાવવાના પ્રયત્નો એ બંને બાબતોના સંદર્ભમાં ખાસ કરીને મહિલા ક્રિયાશીલો, સમાજશાસ્ત્રીઓ અને મનોવૈજ્ઞાનીકો અલગ અલગ રીતે આ સમગ્ર પ્રકિયાને મુલવે છે.

સશકિતકરણ એટલે કે એમ્પાવરમેન્ટની સમગ્ર પ્રક્રિયાની પૂર્વ ભુમિકા જાણવી ખુબજ જરૂરી છે અને એમ કહી શકાય કે એમ્પાવરમેન્ટ સુધીની યાત્રાની શરૂઆત 'વેલ્ફેર ટુ એમ્પાવરમેન્ટ' સ્વરૂપની છે. એનો અર્થ એ થાય કે વિચારધારાઓની દ્રષ્ટિથી મુખ્યત્વે પાંચ બાબતો મહત્વપૂર્ણ છે.

વિવિધ વિચારધારાઓ :-

(૧) કલ્યાણની વિચારધારા (વેલ્ફેર એપ્રોચ)

આ સૌથી જુનો ખ્યાલ છે અને સૌથી વધુ પ્રચલિત વિકાસલક્ષી નીતી છે. ખાસ કરીને સ્ત્રી માત્ર નહી પરંતુ સમપ્ર સમાજના સંદર્ભની અંદર કલ્યાણ વિષયક ખ્યાલ ખુબ જ લોકપ્રિય છે અને સ્વાભાવિક મહિલાના દરજજાના સંદર્ભમાં તે વધારે પ્રચલિત છે. ખાસ કરીને તેનો લક્ષ્યાંક વંચિત વર્ગ અને તેની અંદર સ્વાભાવિક સ્ત્રીનો સમાવેશ થાય તે ખ્યાલ ઉપર આધારીત છે. વિકાસની પ્રક્રિયામાં મહિલાઓ વિકાસના ફળો મેળવનાર છે પરંતુ વિકાસની પ્રક્રિયામાં હિસ્સેદારી જેટલી શકિત તેનામાં નથી અને માટે કલ્યાણનો ખ્યાલ તે અનુલક્ષીને છે. માતૃત્વ એ સ્ત્રીનું સૌથી વધારે મહત્વ ધરાવતી એવી ભૂમિકા છે. આ ખ્યાલની મર્યાદા એ છે કે આ ખ્યાલ સ્વાવલંબનનો નથી પરંતુ પરાવલંબનનો અમુક અંશે છે.

આમ, જોઈએ તો ખરેખર તો સશકત સમાજની આધારશીલા એ સ્ત્રી છે. એક માતા એક સો શિક્ષક બરાબર છે એ બાબત આપણે નાનપણથી સાંભળતા આવ્યા છીએ અને અનુભવે આ બાબત આપણને સાવ સાચી લાગે છે. આજના યુગમાં બનતા બનાવો પર દ્રષ્ટિપાત કરીએ તો ખાસ કરીને સ્ત્રીઓ પર થતી હિંસા તે મુખ્ય વિષય છે. હિંસાનો ભોગ એ સ્ત્રી બને છે. ખાસ કરીને નાનીવયમાં ગેરમાર્ગે દોરાઈ જવાના અનેક કિસ્સાઓ રોજબરોજ અમારી પાસે આવે છે, તો વળી શાળા અને કોલેજ પાસે નાની વયની દિકરીઓને સલામતી અંગેના પણ અનેક કેસો રોજબરોજ જોવા મળે છે. છેડતી અને બળાત્કાર જેવા ગુનાઓનું પ્રમાણ વધતુ જોવા મળે છે. તે સંજોગોમાં માત્ર અને માત્ર આપણા સંસ્કારનો જ વારસો આપણને બચાવી શકશે. તેમાં કોઈ શંકાને સ્થાન નથી. અને આમ, માતાનું મહત્વ એ સંસ્કાર સંદર્ભમાં વિશેષ ભાગ ભજવે છે. તે હકીકત છે.

માતૃત્વનો ખ્યાલ એ વિશાળ અર્થમાં જોવાનો છે. કોઈપણ સ્ત્રી એ માતા સ્વરૂપ છે. ધર્મગૂંથોમાં પણ સ્ત્રીને દેવીને પ્રથમ માતા સ્વરૂપમાં ઉલ્લેખ થયેલ છે. અનેક સંસ્કૃત શ્લોકમાં આપણને આ બાબત જોવા મળે છે. એક મા એની જીવનમાં ભૂમિકા સંદર્ભે વિચાર કરીએ ત્યારે દરેક સમયે, ક્ષણે અને દરેક સંજોગોમાં એક માતા જે જતુ કરવાની ભાવના ધરાવે છે. તે બાબત એટલે કે પોતાના સંદર્ભમાં વિચારવાને બદલે અન્યના સંદર્ભમાં વિચારનો એ પ્રકારનો ભાવ એ પ્રથમ કૂમે છે.

સંતાનોના વિકાસની બાબત હોય, એક પરિવારના સંદર્ભની બાબત હોય, એક સ્ત્રી, એક માતા એ મધ્યબિંદુમાં જોવા મળે છે. એક સ્ત્રી અને તેની સંવેદના એક કુટુંબને ટકાવી રાખવામાં ખૂબ મોટો ભાગ ભજવે છે.

કલ્યાણની વિચારધારા સંદર્ભે અનેક પુસ્તકો લખાયેલા છે. આ વિચારધારા એ મૂળભૂત રીતે માતૃત્વના ખ્યાલને વિશાળ અર્થમાં મૂલત્વી હોય તેનું મહત્વ એ વિશેષ છે. સમાજકાર્યના મૂળભૂત સિધ્ધાંતમાં જયારે દ્રષ્ટિપાત કરીએ ત્યારે અનેક લોકો વિવિધ રીતે સમાજસેવા સાથે જોડાયેલા હોય છે. સમાજના અલગ અલગ વિભાગોમાં અલગ અલગ રીતે સમાજસેવ સંદર્ભે આવશ્યકતા પણ હોય છે. કોઈક દર્દીને મેડિકલ સારવારની તો કોઈ નોધારાને આધાર માટે વૃધ્ધાશ્રમની જરૂર હોય છે. ત્યજાયેલી બહેનો અને ત્યજાયેલા બાળકો માટે સેલટર પુરૂ પાડનાર પણ અનેક સંસ્થાઓ હોય છે. સમાજના વંચિત અને અનેક પ્રકારે ભોગ બનેલા લોકો માટે પણ વિવિધ સવલતો સરકાર દ્વારા ઉપલબ્ધ છે. તેમજ સંસ્થાઓ અને વ્યકિતગત રીતે પણ લોકો અન્યને મદદરૂપ થતા હોય છે. આ તમામ વચ્ચે એક આદર્શ ગૃહિણી એ આદર્શ સમાજ સેવક છે. છેલ્લા દસ વર્ષથી મહિલા દીન નિમિતે અનેક સંસ્થાઓ 'આદર્શ ગૃહિણી એવોર્ડ' જાહેર કરે છે. આમ, એક સ્ત્રી, એક માતા એનું વિશેષ મહત્વ છે. આમ, જોઈએ તો માતૃત્વનો ખ્યાલ એ મહત્વ વિશેષ ધરાવે છે.

વિશેષ વિચારધારાઓ સાથે મળીએ આવતા અંકે....